

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

દેખાયો દિપડો ને પ્રજા પૂરાઈ છે પાંજરામાં -
વનવિહારી આખું તંત્ર પૂરાયું છે પાંજરામાં -
સરકાર જેમ 'ફેરવે' પગલાં રાત-વિરાત -
છે માણસખાઉ એને કૈ રસ નથી પાંજરામાં -
(છે નસીબવંતુ પાંજરૂં - કોને માટે?!)

હાઈકુ

''રહો' 'માળા' માં'' -
લાદો લોકડાઉન -
પંખીઓ પર...
(નહીં તો આવી બન્યું!)

પાડો ન 'બાંગ'
સૂવો, સૌને સુવાધો -
જશો જીવના...
મરઘાં ને તાકીદ!)

### ચિંતન

શબ્દાદિભિઃ પંચભિરેવ પંચ પંચત્વમાપુઃ સ્વગુણેન બુદ્ધાઃ ।
કુરુંગ-માતંગ-પતંગ-મીન-ભૃંગા નરઃ પંચભિરંચિતઃ કિમ્ ॥

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

હરણ, હાથી, પતંગિયું, માછલી, ભમરો આ પાંચ ગુણો, શબ્દ-સ્પર્શ-રૂપ-ગંધમાંથી ક્રમશઃ પોતપોતાના એક એક ગુણમાં બંધાઈને પંચતત્વ એટલે કે મૃત્યુ ને પામે છે. ત્યારે પાંચેય ગુણોથી ઘેરાયેલ મનુષ્યની હાલતનું શું પૂછવું?

પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ - આ દેહગત પાંચ તત્ત્વો છે. તે જયારે બ્રહ્માંડગત પાંચ તત્વોને પામે છે ત્યારે મનુષ્ય પંચતત્વમ્ પામે છે. અર્થાત્ મૃત્યુને પામે છે. હરણ, હાથી, આદિ પોતપોતાના શબ્દાદિ એક-એક ગુણથી બંધાયેલા છે.

હરણ, મધુર સ્વર સાંભળી છકી જાય છે, મરી જાય છે, હાથીને પકડવા હાથણીને મોકલે છે. પતંગ રુપથી આકર્ષિત થઈને મરે છે. માછલી રસથી મહોતિ થઈને મરે છે. ભ્રમરો ફુલની સુગંધમાં ફસાયા છે. પણ મનુષ્ય તો પાંચેય ગુણોથી ઘેરાયેલો રહે છે.

### સુવિચાર

- સમજે એ સ્વજન અને સ્વીકાર એ પ્રિયજન - **રાજહંસજી**
- દોષ જોયા વિના નથી રહી શકતો ને? તો એક કામ કરી, તમારા હાથમાં જે દૂરબીન છે તેને બાજુ પર રાખીને હાથમાં અરીસો લઈ લો, તમારું કામ થઈ જશે - **જીવનપાથેય**
- વિજયને વર્યા કે પરાજયને પામ્યા એનું મહત્વ નથી. મહત્વ તો એ છે કે કાર્યમાં તમે કેટલો પ્રાણ પૂર્યો - **એસ. ભટ્ટાચાર્ય**
- એની પ્રાર્થના કયારેય વ્યર્થ નથી ગી, જેણે પ્રભુ પાસે યોગ્ય રીતે માંગ્યું હોય - **ચાર્લ્સ ફિલ્મોર**
- જો આપણે આવતીકાલનું કામ આજે ન કરીએ તો પણ ઓછામાં ઓછું આજનું કામ તો અવશ્ય પૂરું કરીએ - **વિનોબા**
- જીભની ભાષાને માણસો સારી રીતે સમજી શકે છે, હૃદયની ભાષાને ઈશ્વર ઉત્તમ રીતે સમજી શકે છે - **કેદારનાથ**
- આજનું ઔષધ : ઘૂંટણના દુઃખાવામાં નવશેકા કેવડાના તેલનું માલિશ કરવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

બુદ્ધે એક વાર્તા કહી. 'એક વૃદ્ધ હતો જે ઉંમર થતાં બંને આંખોથી અંધ થઈ ગયો. મિત્રોએ ડૉકટરો એ સલાહ આપી કે આંખોનો ઈલાજ શક્ય છે. પણ વૃદ્ધે કહ્યું, 'આ ઉંમરે મને હવે આંખોની શી જરૂર છે?' મને દસ પુત્રો છે. એમની વીસ આંખો છે. એમની દસ પત્નીી છે. એટલે બીજી વીસ આંખો. આ સૌ મારી ખૂબ સારસંભાળ રાખે છે. આટલી બધી આંખો વચ્ચે મારી બે આંખ ન હોય તો મને કંઈ ફરક નથી પડતો!! અચાનક એક દિવસ ઘરમાં આગ લાગી. પરિવારના તમામ સભ્યો પોતપોતાના જીવ બચાવવા ઘરની બહાર ભાગી ગયા. જેમને વૃદ્ધે પોતાની આંખ માન્યા હતા. તેઓ સલામત રીતે બહાર નીકળી આવ્યા પછી એમને યાદ આવ્યું કે વૃદ્ધ અંથ પિતા તો ઘરની અંદર જ છે. પણ હવે શું થઈ શકે? અંદર જવું અશક્ય હતું. આ બાજુ અંધ વડીલ બહાર નીકળી ઝઝુમી રહ્યા હતા. પણ ? હવે એને સમજાયું કે એનું ગણિત, એનો તર્ક નકામો હતો. આવા સંકટ સમયે તો પોતાની જ આંખો કામ આવે... બુદ્ધ સમજાવવ માગે છે કે તમારું ઘર સળગી રહ્યું છે અને તમે છતી આંખો આંધળા બની ગયા છો. મદદની બૂમો પાડવાને બદલે સ્વની આંખો ખોલો. તમે સ્વયં જ તમારી મદદ કરી શકો છો. તમારા જીવનના ઉત્તરદાયી તમે પોતે જ છો. ઉધાર કયારેક કામ નહીં આવે. આત્મનિર્ભર બનો, તમારી જ આંખો, તમારું જ્ઞાન તમારી સાધના જ તમારી મદદે આવશે.

# હવે સમાધાન જ શાણપણ

તંત્રીસ્થાનેથી...

કોઈ પણ આંદોલન એક નિશ્ચિત સમયાવધિ વળોટી જાય એ પછી એમાં વિકૃતિઓ પ્રવેશ્યા વગર રહેતી નથી. દિલ્હીની સરહદ પર ચાલી રહેલા સવિશેષ પંજાબ અને હરિયાણાના ખેડૂતોના આંદોલને એ મર્યાદા ઓળંગી દીધી છે. ખેડૂતોનાં વિવિદ સંગઠનો પૈકી હરિયાણાના ખેડૂત આગેવાનોનું એક જૂથ કેન્દ્ર સરકાર સાથે વાટાઘાટો કરવા અને આંદોલન સમેટી લેવાનાં પક્ષમાં છે પરંતુ અન્ય જૂથો અને ખેડૂત સંગઠનો કોઈ પણ ભોગે કૃષિ કાયદા પરત લેવડાવવા કૃતસંકલ્પ છે. સરકાર માટે માટે થૂંકેલું ચાટવા જેવી નામોશી સરજાય એમ હોવાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટીના અન્ય નેતાઓ કૃષિ કાયદાઓની સમીક્ષા કરવા અને કેટલાક સુધારા આમેજ કરવા તૈયાર છે, પણ ખેડૂત આંદોલનદારીઓને એ કાયદાઓ પૂરેપૂરા પાછા ખેંચાય એથી ઓછું કંઈ જ ખપતું નથી. હઠે ચડેલા ખેડૂતો કડકડતી ઠંડીમાં અને કોરોના તથા બર્ડ ફલુ જેવા જીવલેણ રોગોની દહેશવત વચ્ચે દિલ્હીનાં નાકાબંધીને અડીખમ બેઠા છે. હજી તો એ નવા નવા કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છે. પ્રજાસત્તાક દિને તેઓ મહિલાઓની ટ્રેકટર રેલી કાઢી દિલ્હીને હચમચાવી નાખવા માગે છે. દિલ્હીની અરવિંદ કેજરીવાલ સરકારનું એમને આડકતરું પીઠબળ પણ છે. વિસામણમાં પડી ગયેલી કેન્દ્ર સરકાર માટે આ આંદોલન મોદીશાસનકાળ દરમિયાન આવી પડેલો સૌથી મોટો પડકાર છે. આંદોલનને અખિલ ભારતીય સ્વરુપ નથી મળી શકયું પરંતુ ઉત્તરભારતના ખેડૂતો જરૂર એકજૂટ થયા છે. વળી એમનો વિદેશવાસી સ્વજનો ભરપૂર ટેકો છે, જેનો પડઘો ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુકે અને અમેરિકાના શાસકો કે સેનેટરોના સમર્થનમાં વરતાતો રહ્યો છે. લાંબો વખત ચાલતાં આંદોલનો આર્થિક સહાય વગર વેરવિખેર થઈ જતાં હોય છે, ખેડૂત આંદોલનને આંતરરાષ્ટ્રીય સ્તરેથી આર્થિક સહાય પણ મળતી જ હોવી જોઈએ. વિપક્ષો આંદોલનને સમર્ફન આપી રહ્યા છે, પરંતુ આંદોલનકારી નેતાઓ એમને મંચ નહીં આપી એમનું આંદોલન બિનરાજકીય હોવાની પ્રતીતિ કરાવતા રહે છે. પંજાબમાં રાજકીય રીતો સક્રિય ભાજપ સિવાયના તમામ રાજકીય પક્ષો ખેડૂત આંદોલનના સમર્થનમાં આવી ગયેલ છે અને હરિયાણાના નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાએ સરકારમાં ભાગીદાર હોવા છતાં પોતે ખેડૂતોની સાથે હોવાનું નિવેદન કરી સમય આવ્યે ખટ્ટર સરકારને સમર્થન પાછું ખેંચવાની ચીમકી આપી રાખી છે. કેન્દ્રના ઈશારે આંદોલનકારી ખેડૂત નેતાઓની સાથે પંચાયત બોલાવી સમજણ આપવા ગયેલા મુખ્યમંત્રીનો હેલિપેડ પર જ ઘેરાવો કરી આખો કાર્યક્રમ રફેદફે કરી દઈ હિંસક બનેલા ખેડૂતોએ એમની દાણોદાણ રેવડી કરી નાખી, તે શું સૂચવે છે? ખેડૂતો છેલ્લે પાટણે બેસી ગયા છે. વળી આ ગુજરાત જેવા શાંત અને સૌમ્ય પ્રદેશના ખેડૂતો નથી. આ એવા ખેડૂતો છે જે દેશની જરૂરિયાત કરતાં વધારે અનાજ પકવવાની ક્ષમતા ધરાવે છે. એમના પરિવારમાંથી કોઈ વિદેશમાં સ્થાયી થયેલું છે તો વળી કોઈ આર્મી કે એરફોર્સમાં કાર્યરત છે. આ લડાયક ખેડૂત સમાજનું આંદોલન વધુ હિંસક વળાંક લે એ પહેલાં એનું સમાધાનપૂર્વક નિરાકરણ લાવવામાં જ સૌનું હિત છે. કેન્દ્ર સરકારે વધુ સમય રાહ જોયા કરતાં ખેડૂત કાયદા પાછા ખેંચી લઈ શાણપણ દાખવવાની જરૂર છે.

# પતંગ પર્વના આનંદના અજવાળા રેલાય છે...



## અજવાળું - અજવાળું

તુષાર જોશી

'મકર સંક્રાતિના બે દિવસ પહેલા પતંગ લુંટવા માટેનું ઝરડું અમે ખાસ બનાવતા...'

'સવારના સાડા પાંચ-છ એ મહાલક્ષ્મી માતાના મંદિરે જવાનું, દર્શન કરવાના અને તલની લાડુડી વહેંચવાની....'

'ફીરકી સરખી રીતે કેમ પકડી ન હતી? એમાં મારો પતંગ કપાઈ ગયો કહીને નાની બહેન જોડે ઝઘડો કરવાનો... અને આપણો જ પતંગ આકાશમાં ચડયો હોય, કોઈ મસ્તી કરવા આપણી જ ફીરકીમાંથી દોરો તોડી નાખે અને ઢીલ દેતા પતંગ જતો રહે ત્યારે આવું કેમ થયું એનું આશ્ચર્ય આજીંને ઉદાસ થઈ જવાનું....' મમ્મીએ બનાવેલા ઊંધિયું - પૂરી - ખાવાનો સૌથી પહેલા અંધારામાં પતંગ ચગાવીન સૌથી છેલ્લે સુધી અંધારામાં પતંગ ચગાવવાના....

કેટકેટલા સંસ્મરણો, પતંગ પર્વ સાથે જોડાયેલા હોય છે. પતંગ પર્વ - ઉત્તરાણ એટલે ઊરમાં એટલે કે હૈયામાં મસ્તીને પ્રેમની આણ.... પતંગો પણ જોવાના અને આસપાસની અગાસીઓમાં આવેલા ચહેરાઓ પણ જોવાના - કેટલાક કિસ્સાઓમાં એ ચહેરાઓ ઉત્તમ મિત્ર બની જાય ને કેટલાકમાં જીવન સંગાથી પણ બની જાય... પરિવાર... પડોશીઓ અને પ્રિયજનો સાથે ઉજવાતો ઉત્સવ એટલે મકર સંક્રાતિ...

આકાશમાં મીઠો લાગતો તડકો હોય, સરસ ગીતો વાગતા હોય, અગાસી કે ધાબા પર ઢગલાબંધ નાસ્તો પડ્યો હોય, ગોગલ્સની આરપાર જતી આપતી દૃષ્ટિ આકાશ પરહોય ને આકાશમાં રંગબેરંગી, વિવિધ કદ-આકારના મનભાવન પતંગો ઉડતા હોય... કાઈપો છે.... ને લપેટ લપેટ.... ના જોરદાર અવાજ સાથે આનંદથી થતી ચીચીયાયરીઓ આસપાસ ગુંજતી હોય... કેવું મજાનું - ખુશી અને આનંદ આપનારું આ વાતાવરણ અને આ દૃષ્ય હોય છે મકરસંક્રાતિના દિવસનું...

એ સમયે એટલે કે કિશોર અને યુવા અવસ્તાના સમયમાં મકર સંક્રાતિ એટલે જાણે એક મહિનાનો ઉત્સવ હતો. મસ્તી - મ્યુઝિકને માત્ર જલસા હતા... હવે એ બધું જ પરંતુ પચાસ પ્લસ પછીની ઉંમરે એમાં જીવનની ફીલસુફી પણ અનુભવાય છે. મારા પ્રિય શાયર રાહત ઈન્દોરીએ એક ગઝલમાં એક શૅર લખ્યો છે, જેમાં પતંગ અને જીવનને જોડ્યા છે.

જીંદગી કયા હૈ, ખુદ સમજ જાઓગે
બારીશોમેં, જા કે પતંગે ઉડાયા કરો

વરસાદમાં જ નહિ, વરસાદ વિના પણ પતંગ ઉડાડવો એ એક રમત છે, એક કલા છે, એક આવડત છે. પતંગ ઊડાવનારે પતંગ ન ઉડે તો હારવાનું નહીં, હવા ઓછી હોય કે વધુ, બહાના કાઢ્યા વિના પતંગ ઉડાડવાનો છે, માત્ર ઉડાવવાનો એમ નહિ, બાજુની અગાસીવાળા એને કાપી ન નાખે એનું એ ધ્યાન રાખવાનું છે. આકાશમાં ઉપર જાય પછી વધુને વધુ ઊંચાઈ પર એને મોકલવાનો છે અને રમતના ભાગરુપે બીજાના પતંગો કાપવાના પણ છે.

આ બધું જ આપણા જીવનમાં રોજિંદી ઘટનાઓમાં બરાબર બંધ બેસે છે. કાર્ય કોઈ પણ હોય, નિષ્ફળતા અનેકવાર મળશે, પણ હાર નથી માનવાની. ઠુમકા લગાવીને થાકી ગયા તો નહિ ચાલે, ને આપણા કાર્યક્ષેત્રમાં આગળ વધ્યા પછી કોઈ આપણને પાડી ન દે, નુકશાન ન કરે તેની પણ સાવચેતી રાખવાની છે. માન-સન્માન ત્યારે જ મળે છે જયારે કારકિર્દીમાં ઊંચાઈ પ્રાપ્ત કરો છો અને ઊંચાઈ પ્રાપ્ત કરનારાના પગ ખેંચવા નીચેના તૈયાર જ હોય છે, એની પણ ખાતરી રાખવાની છે, પતંગ નીચે આવે પછી કોઈ લેતું નથી અને લે તો વેચી દે છે, એવું જ જીવનમાં પણ છે. પતંગ તો જ બરાબર ઉડે છે. જો કાનેતર બરાબર બંધાયા હોય, જો હવાનો સપોર્ટ બરાબર હોય અને ચડાવનારનો પૂરતો કંટ્રોલ હોય. જીંદગીમાં પણ એવું જ છે, પારિવારિક સંબંધોમાં સંવેદનશીલતાનું સંતુલન હોય, પરિવારનો પ્રેમ હોય અને પરિસ્થિતિ પર કાબુ મેળવે એવું મજબૂત મન હોય, તો જ આગળ વધી શકાય છે. પરસ્પર ભરોસો હોય તો જ પતંગ ટકી શકે, જે જે બાબતો આપણને પતંગ પર્વે ખુશી આપે ને એ જ વિચારાધારા - એ જ શૈલી જો જીવનમાં અપનાવીએ તો આપણને પણ આનંદ મળે - ખુશી મળે.

જીવન પણ એક પતંગ જ છે અને એના થકી આપણે પણ ખુશ રહી શકીએ અને બીજાને પણ ખુશી આપી શકીએ.

મકર સંક્રાતિ - પતંગોત્સવ આવે એટલે સંભારણાઓ - પાત્રો ને પ્રસંગો મનને ઘેરી વળે... પતંગ ચગાવવાનો એક આનંદ છે અને તેને ઊડતા જોવાનો બીજો, ને વળી એના વિશે લખવા-બોલવાનો ત્રીજો આનંદ છે એ મેં અનુભવ્યો છે. સૂર્યનારાયણનું પણ પર્વ છે મકરસંક્રાતિ અને એ સંદર્ભે સૂર્યના ઉજાસના અને પતંગ પર્વના આનંદના અજવાળા રેલાય છે.

લાઈટ હાઉસ :

શાયરનું નામ ખબર નથી, એવો એક શેર
અપની કમજોરિયોંકા જિક્ર, કભી ના કરના જમાને મેં,
લોગ કટી પતંગ કો, જમકર લુટા કરતા હૈ

# પરિવારમાં ગ્રન્થમંદિર



## વિચારયાત્રા

ડો. જય ઓઝા

વાચનં જ્ઞાનવર્ધકં બાલ્યે યૌવને શીલવર્ધનમ્ ।
વાર્ધક્યે દુઃખહરણં હિતં સદ્ગ્રન્થવાચનમ્ ॥

સારા ગ્રંથોનું વાચન બાળપણમાં જ્ઞાનવર્ધક,યૌવનમાં શીલવર્ધક અને વૃદ્ધાવસ્થામાં દુઃખોને હરનારું બની રહે છે. માણસમાં વિચાર કરવાની ક્ષમતા છે; પણ તેથી કાંઈ દરેક માણસ વિચાર કરે જ છે એવું નથી. વિચાર કરવામાં વાચન સહાયક બને છે, વાચનથી આપણને અનેક વિચારબિંદુઓ મળે છે, આપણી માહિતી વધે છે;જીવન વિશેની આપણી સમજ વાચન વધારે છે.જીવનની વિવિધ સમસ્યાઓ કેવી રીતે ઉકેલી શકાય,તેનું જ્ઞાન પણ આપણને વાચનને આધારે જ મળે છે. પુસ્તક સવત; શિક્ષાગુરુ છે અને પુસ્તકાલય મહાશાળા છે.શાળામાં માણસ જ્ઞાન લેવાનું સાધન માત્ર મેળવે છે,પણ પુસ્તકાલયમાં જઈને તો તે સ્વયં જ્ઞાન મેળવે છે.

આજના સમયે આપણે જ્યારે કોઈના ઘરે જઈએ અને તે પરિવારનું બાળક ટેલિવિઝન કે મોબાઈલમાં જો રચ્યોપચ્યો ન રહેતાં કોઈ પુસ્તક વાંચતો હોય તો સમજવું આ પરિવારનાં વડિલ વંદન કરવા યોગ્ય છે. પરિવારમાં પુસ્તકનું સ્થાન પારિવરિક સદસ્ય જેવું હોવું જોઈએ. આજકાલનો સમય ઉપરછલ્લાનો સમય બની ગયો છે. ઉપરછલ્લું વાંચવાનું, ઉપરછલ્લું સમજવાનું, ઉપરછલ્લું બોલવાનું, ઉપરછલ્લું હસવાનું...ક્યાં જઈ રહ્યાં છીએ આપણે બધાં? જે સંસ્કૃતિમાં લોકોને સાહિત્યમાં રસ ઓછો થઈ જાય તે સંસ્કૃતિનો વિનાશ નિશ્ચિત સમજવો. પુસ્તકને નિર્જીવ સમજી બેસવાની ભૂલ કરવાનો અક્ષમ્ય અપરાધ આપણે કરી રહ્યાં છીએ. ડેમી સાઈઝ, પેપર બેક, કાંચુ પુઠું,પાકું પુઠું આવા બધાં યાંત્રિક નામો એટલે પુસ્તક નથી. અમુક કાગળોનું સુવ્યવસ્થિત કટિંગ સાથેનું બાઈન્ડિંગ એટલે પુસ્તક,તેવું માનવાની ભૂલ ન કરવી જોઈએ.

પુસ્તક તો આપણને હસાવી શકે, રડાવી શકે, ઉત્સાહિત બનાવી શકે, આપણું જીવન બદલી દઈ શકે. એક જ પુસ્તક વ્યક્તિના જીવનની ધારા કેવી પલટી શકે છે તે ગાંધીજીને પૂંછવા જેવું છે. 'અન ટુ ધ લાસ્ટ' નામક પુસ્તકથી જ મોહનદાસ કરમચંદ ગાંધી-મહાત્મા ગાંધી સુધીની યાત્રાએ નીકળી પડ્યા હતા, તે ભૂલવું ન જોઈએ. આપણે નવું ઘર લઈએ એટલે નક્કિ કરવા લાગીએ છીએ કે, બાળકોનો ઓરડો અહીયા, દિવાનખંડ અહીંયા, શયનખંડ અહીંયા,મંદિર અહી રહેશે. અલમારી અહીં રહેશે. ટી.વી. અહીં રહેશે. બધી વ્યવસ્થા ગોઠવીએ છીએ પરંતુ ગ્રંથ મંદિર ક્યાં બનાવશું તે વિચારતાં નથી. હા, બાકી દેખાવ ખાતર દિવાનખંડનાં પારદર્શક કબાટમાં એકાદ ઝવેરચંદ મેઘાણીની,એકાદ કોઈ વિદેશી લેખકની કે પછી કોઈ લોકપ્રિય પુસ્તક મૂકીને પોતાને વધુ સભ્ય સમાજના અગ્રણીમાં ખપાવવા માટેનો ધખારો હોય છે. શોભાના ગાઠિયાંની જેમ પડેલ એ પુસ્તકની ધૂળ કોઈ દિવસ ઉડતી નથી. દર દિવાળીએ થોડીઘણી સફાઈ થાય ત્યારે વળી આમથી તેમ મૂકાય છે. પણ પુસ્તકની જે જગ્યા આપણાં હૃદયમાં હોવી જોઈએ, તે ક્યારેય આવતી નથી. પરિવારના અતિઆવશ્યક સભ્યની જેમ પુસ્તક માટે ગ્રંથમંદિરની જ્યારે આપણે પ્રથા શરુ કરીશું ત્યારે સાચી સામાજિક ક્રાન્તિ આવશે. ગ્રંથાલય વિજ્ઞાનના પિતા ડો.એસ.આર.રંગનાથને ગ્રંથાલયશાસ્ત્રના પાંચ આદર્શ સૂત્ર આપ્યા છે.

૧. પુસ્તકો ઉપયોગ માટે છે. ૨. દરેક વાચકને પુસ્તક મળે. ૩. દરેક પુસ્તકને વાચક મળે. ૪. વાચકનો સમય બચાવો. ૫. ગ્રંથાલય એ ચિરવર્ધમાન સંસ્થા છે.

ગ્રન્થાલય-શાસ્ત્ર-પંચ-સૂત્રાણિ
ગ્રન્થાલયી સદા-સેવી પંચ-સૂત્રી પરાયણઃ ।
ગ્રન્થા અધ્યેતુમ્-અતે ચ સર્વેભ્યઃ સ્વં સ્વમ્ આપ્નુયુઃ ।
અધ્યેતુઃ સમયં શેષેત્-આલયો નિત્યમેવ ચ
વર્ધિષ્ણુએષ ચિન્મૂર્તિઃ પંચ-સૂત્રી ચિરં જયેત્ ।

આ પાંચ સૂત્ર આમ તો ગ્રંથાલય માટે છે, પણ ખરેખર તો આ જ પાંચ સૂત્રને દરેક પરિવારે હૃદયસ્થ કરવા આવશ્યક છે. દરેક ઘર ગ્રંથમંદિર બને અને દરેક પરિવાર પુસ્તક-પ્રેમી પરિવાર બને તો જ સમાજની સાંસ્કૃતિક ઉન્નતિ શક્ય બનશે.

આદર્શ પરિવારની વ્યાખ્યા આપણે આગળના પ્રકરણોમાં જોઈ ગયા છીએ, પરિવારમાં આદર્શપણાંનાં બીજ-આરોપણનું એક નિમિત્ત ગ્રન્થમંદિર છે. ગુજરાતી વાચકોને નજરમાં રાખીને ઝવેરચંદ મેઘાણીએ એક વેળા કહેલું કે આપણી મોટાભાગની પ્રજા ગાય જેવી છે, જે લીલું ઘાસ ખાતાં ખાતાં સાથે કચરો પણ ચાવી જાય છે. મેઘાણીએ આ અભિપ્રાય ઉચ્ચાર્યો તેને તો આજે વર્ષો વીત્યાં, પણ પરિસ્થિતિમાં હજી ફેર જણાતો નથી. તાત્પર્ય એ છે કે, શું વાંચવું અને શું ન વાંચવું તેનું વર્ગીકરણ કરી શકવાની ક્ષમતા ઊભી કરવી તે પણ અનિવાર્ય છે.

એટલે તો વોલ્ટ વ્હીટમેનનું એક વાક્ય અત્યારે યાદ આવે છે કે, ''મહાન કવિઓ જન્માવવા માટે આપણી પાસે મહાન વાચકો જોઈશે. ઉત્તમતાનો આદર્શ લેખકો સામે મૂકી શકે તેવા વાચકો જન્માવવાનું કાર્ય આરંભવું પડશે.''

દરેક પરિવાર ગ્રંથમંદિરથી સમૃદ્ધ પરિવાર બને તે અપેક્ષિત છે. દરેક વાચકને પુસ્તક અને દરેક પુસ્તકને વાચક મળે તે બે સૂત્ર તો અન્યોન્યમાં પરોવાયેલાં છે. ઘરમાં પુસ્તકોનું મંદિર બનશે તો આત્માને જે અમૂલ્ય ખોરાક પૂરો પડવાનો છે, ન કલ્પી શકાય તેવો છે.

સદા સદ્ ગ્રન્થાનાં શ્રવણમનને યે વિદધતાઃ
નયન્તે વા કાલં કવિકૃતિવિનોદૈઃ પ્રમુદિતાઃ।
ભ્રમન્દૂરીકુર્વન્તિ ચ સદુપદેશેન કુધિયાં
સ્વયં નિર્ભ્રાન્તત્વાત્ પ્રભુપદસ્તાસ્તે સુકૃતિનઃ ॥

- હંમેશા સારા ગ્રંથોનું શ્રવણ અને મનન કરતાં અને અને પોતાનો સમય કવિ દ્વારા રચાયેલ કૃતિઓમાં વિતાવે છે,તેઓ પોતાના ભ્રમને દૂર કરીને પોતાની કુબુદ્ધિને ઉપદેશથી દૂર કરીને નિર્ભ્રાન્ત થઈને પ્રભુના ચરણોમાં સ્થાન પામે છે. વ્યવસ્થા, શાંતિ, સભ્યતા તથા વિનયનું શિક્ષણ આપવાનો પ્રબંધ પરિવારમાં રચેલું ગ્રન્થમંદિર કરી શકશે. કેવળ વાંચી નાખવાથી જ કોઈનું કલ્યાણ થયું નથી. વાચન આત્મસાત થાય તે પણ અગત્યનું છે. પરંતુ આ બધાં માટેની પૂર્વશરત એ છે કે, વાચનની વૃત્તિ કેળવવી પડશે. તે માટે સારાં પુસ્તકોનું આગમન આપણા ઘરમાં કરાવવું પડશે. પુસ્તક દેવતા છે. એક એક પુસ્તક ઘરમાં આવે તે ઘડી સમગ્ર પરિવાર માટે ઓચ્છવ બની જવી જોઈએ.

પુસ્તકો માટે વાચન-શિબિરો યોજવી પડશે, પ્રકાશન યોજનાઓ આકારિત કરવી પડશે, આપણા ઘરના બાળકોને સમજાવવું પડશે કે મહિનામાં બે વાર ચલચિત્ર જોવા માટે ખર્ચાતા રુપિયાને એક સારા પુસ્તક વસાવવાના લક્ષ્ય માટે વાપરવા પડશે.

બાળકોને પુસ્તકની મહત્તા સમજાવવાં માટે સૌપ્રથમ માતા-પિતાએ સારા ગ્રંથોનું વાંચન આરંભવું પડશે. 'વાંચે ગુજરાત' જેવી સફળ ઝુંબેશના પ્રણેતા એવા આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની તે સમયની કટિબદ્ધતા સમગ્ર ગુજરાતના દરેક ઘરમાં ગ્રંથ મંદિર ઊભું કરવાની હતી. તે ચળવળને આપણે હૃદયસ્થ કરીને આહુતિ આપવી જોઈએ.

દરેક પરિવારમાં અલાયદું ગ્રંથમંદિર સ્થપાશે,તે દિવસ માનવ સભ્યતા માટે સોનાનો સૂરજ લઈને આવવાનો છે.

અંતમાં કવિ ઉશનસની એક પુસ્તક ઉપર લખેલી કવિતા સ્મરણમાં આવે છે.

કદીક પેગંબરે ઝાંખ્યું સમાધિમાં, ખ્વાબોમાંઃ
અરે,એ ખ્વાબ ખુલ્લી આંખથી જોવાં કિતાબોમાં,
ચઢી ઈતિહાસમાં ચૈતન્યની ભરતી અને ઓટોઃ
ઊંચી-નીચી અહીં અંકાઈ છે માઝા કિતાબોમાં!
હજારો વર્ષ પહેલાંના પ્રબળ ઉદ્ધાર સફરી થૈ,
વટાવી કાળના વગડા પધાર્યા છે કિતાબોમાં !
જહર પી અમૃતને છલક્યાં મીરાં જેવા કંઈક કંઠો,
શરાબી જામથીયે કેફી મયખાનું કિતાબોમાં !
અરે આ શબ્દ - જ્યાં જ્યાં એ ગયા,ઈતિહાસને સર્જ્યો,
પ્રજા ઊઠી, પલટિયો કાળ-સૂતા છે કિતાબોમાં !
કબાટે કબાટે ગ્રંથઘરમાં બહાર ઘૂમતો હું
શકીશ થોડોય ઊતરી અક્ષરે અંદર કિતાબોમાં ?
હૃદયની કાપલી ક્યાં ક્યાં કરી કૈં કેટલી મૂકવી-
જ્યહીં હરપૃષ્ઠ નોંધો મૂકવા જેવી કિતાબોમાં ?

-ઉશનસ(નટવલાલ પંડ્યા)

- jayuoza@gmail.com,
Mo.9898046488

# માત્ર દિવાલ ઉપર નહીં હૃદયમાં રાખવા જેવુ IIT ખડગપુરનુ કેલેન્ડર-૨૦૨૧



## આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

સ્કીલફુલ ભારતીય યુવાનોમાં આઈઆઈટીયન્સ અને આઈઆઈએમ પાસ આઉટનો દબદબો રહ્યો છે. ગત વર્ષના કેલેન્ડરના પાના ફરફર કરતા ઊડી ગયા અને નવા વર્ષના રંગબેરંગી કેલેન્ડરોએ ડ્રોઈંગરૂમ અને ઓફિસ રૂમોમાં સ્થાન લઈ લીધું છે. કેલેન્ડરોની થીમમાં એના ક્ષેત્ર અને મેકર્સની બૌધિક છાંટ જોવા મળતી હોય છે. હમણાં હમણાં સોશિયલ મીડિયા ઉપર આઈઆઈટી, ખડગપુરના નહેરુ મ્યુઝિયમ ઓફ સાયંસ એન્ડ ટેકનોલોજીનું વર્ષ-૨૦૨૧ કેલેન્ડર જબરુ વાયરલ થયું છે. ભારતીય જ્ઞાનધારાના ભૂત, વર્તમાન અને ભવિષ્યના થીમ ઉપરનું આ કેલેન્ડર અદભુત વૈચારિક સમૃદ્ધિથી ઠસોઠસ ભરેલું છે.

કેલેન્ડરની વાત માંડીને કરીએ એ પહેલા આઈઆઈટી, ખડગપુરની થોડી વાત ફ્લેશ બેકમાં કરવા જેવી છે. ભારતના યુવાનોમાં ઈજનેરી ટેકનોલોજીનું કૌશલ્ય નિર્માણ કરતી આઈઆઈટી ખડગપુર દેશની સૌથી પહેલી આઈઆઈટી સંસ્થા છે. ૧૯૫૦માં કોલકતામાં આઈઆઈટીની સ્થાપના પાછળનો ઈતિહાસ પણ રોચક છે. બીજા વિશ્વયુદ્ધમાં જગતના મોટાભાગના રાષ્ટ્રોમાં ઈજનેરી મશીનરી અને માળખાગત સુવિધાઓ તબાહ થઈ જતાં વિશ્વના દરેક દેશોમાં વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી ક્ષેત્રના પુનઃનિર્માણ અને એના વિસ્તાર માટે કુશળ માનબળની આવશ્યકતાની સખત માંગ ઊભી થઈ.





ચાલીસના દશકમાં નલિની રંજન સરકારની આગેવાની હેઠળ ૨૨ સભ્યોની એક સમિતિએ દેશભરમાં પરિભ્રમણ કરીને મૈસાચુસેટ્સ પ્રૌદ્યોગિકી સંસ્થાન(એમઆઈટી)ની તર્જ ઉપર ટેકનિકલ શિક્ષણ આપતા ઉચ્ચત્તમ સંસ્થાનોના નિર્માણ કરવાની જરૂરીયાતનો અહેવાલ આપ્યો. નલિની રંજન સરકાર કમિટિએ આપેલા રીપોર્ટમાં દેશની ચારેય દિશામાં એક-એક ઉચ્ચ ટેકનિકલ સંસ્થા સ્થાપવાનો સ્પષ્ટ મત હતો. ખાસ કરીને દેશના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં આવી સંસ્થા વહેલામાં વહેલી શરૂ કરવા કમિટિએ ખાસ ભલામણ કરી હતી.

કોલકતા શહેરમાં આઈઆઈટીની પ્રારંભિક શરૂઆત બાદ શહેરથી ૧૨૦ કિલોમીટર દૂર હિજલી, ખડગપુરમાં એનું કાયમી સરનામું સુનિશ્ચિત થયું. સ્થાપના સમયે આઈઆઈટી, ખડગપુરનું નામ 'ઈસ્ટર્ન હાયર ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ' હતું. પ્રારંભિક કાળમાં આઈઆઈટી, ખડગપુરમાં ૪૨ ફેકલ્ટી ૧૦ ક્ષેત્રોમાં ૨૨૪ વિદ્યાર્થીઓને ઈજનેરી ટેકનિકલ કૌશલ્યનિર્માણના પાઠ ભણાવતા હતા. આ હિજલીનો કારાવાસ શિબિર કહેવાતો. અહીં બ્રિટીશરો ભારતીય સ્વાતંત્ર્ય વીરોને બંદીવાન બનાવી રાખતા હતા. આજે આ બિલ્ડીંગને 'શહીદ ભવનહ્વ તરીકે ઓળખવામાં આવે છે.

દેશમાં ૨૩ આઈઆઈટીમાં રાષ્ટ્રના હોનહાર યુવાનો ઈજનેરી ટેકનોલોજી આત્મસાત કરી રહ્યા છે. એબીપીના એક આકલન મુજબ દેશના આઈઆઈટીયન્સના કારણે લગભગ બે કરોડ જેટલી નોકરીઓના અવસર ઊભા થયા છે. દેશ અને દુનિયાની અર્થવ્યવસ્થામાં આઈઆઈટીયન્સનો ફાળો રૂપિયા ૨૦ લાખ કરોડ જેટલો છે. બીલીયન ડોલર્સ સ્ટાર્ટ-અપ્સના સ્ત્રોતમાં જગતમાં આઈઆઈટી ચોથા સ્થાને છે. ગુગલનાં ચીફ એક્ઝિક્યુટીવ સુંદર પીચાઈથી માંડીને જાણીતા અર્થશાસ્ત્રી ધુવરી સુબ્બારાવ, ઉપરાંત ઈસરોના પૂર્વ ચેરમેન કે રાધાક્રિષ્નન, યુ-ટ્યુબ વાયરલ ચેનલના કોફાઉન્ડર અરૂણકુમાર આઈઆઈટી, ખડગપુરના ફરજન છે.

નાઉ બેક ટુ આઈઆઈટી, ખડગપુર કેલેન્ડર-૨૦૨૧ થીમ. ભારતીય જ્ઞાનગંગાને સુપેરે વણી લેતા આ કેલેન્ડરના જાન્યુઆરી-૨૦૨૧ના પાના ઉપર જ્યોતિર્મયા મહાજાગતિક વિદ્યા, બીજગણિત, આયુર્વેદના જ્ઞાનને પ્રકાશિત કરતા સપ્તર્ષીની વિચારધારાને મૂકવામાં આવી છે. ફેબ્રુઆરી મહિનામાં જગતના નામાંકિત ઈતિહાસવિદ વિલ ડ્યુરન્ટના સંસ્કૃત ભાષા માટેના સુંદર ક્વોટ સાથે વિશ્વની તમામ ભાષાઓમાં સૌથી ચોક્કસ અને સંસ્કારી ભાષા તરીકે સંસ્કૃતને ઉજાગર કરવામાં આવી છે.

માર્ચ મહિનામાં નોબલ લોરીયટ આલબર્ટ આઈનસ્ટાઈનના ભારતીય ગણિતશાસ્ત્રના વિચારો સાથે આર્યભટ્ટ, બ્રહ્મગુપ્ત, ભાસ્કર, વરાહમિહિરની ગાણિતીક જ્ઞાનની પરિભાષા અંકિત કરાઈ છે. એપ્રિલ મહિનો કૌટિલ્યના અર્થશાસ્ત્ર ઉપર અને મે મહિનો રસાયણશાસ્ત્રમાં ભારતની દેનને ઉજાગર કરે છે. જૂનમાં આયુર્વેદ વિજ્ઞાન અને ચરક સંહિતાના બાયોલોજિકલ સાયંસની વાત છે. જુલાઈ મહિનામાં આધુનિક સ્પેસ ટેકનોલોજીના પાયામાં ભારતીય શાસ્ત્રો અને ઉપન્યાસોમાં બ્રહ્માન્ડનું જ્ઞાન હોવાની વાતને ઉજાગર કરવામાં આવી છે. ઓગષ્ટમાં ઈકોલોજિકલ અને એનવાયર્નમેન્ટલ સાયંસના પાયામાં ભારતીય ઉપમહાદ્વિપની પ્રકૃતિ વિદ્યાને પ્રતિપાદિત કરાઈ છે. મોડર્ન આર્કિટેકચરલનું ઉદભવ સ્થાન ભારતીય વાસ્તુશાસ્ત્ર, સપ્ટેમ્બર મહિનામાં દર્શાવાયું છે. ઓકટોબરમાં આધુનિક સોશિયલ ઈકોલોજીકલ એથિક્સ, લોજિક અને લો સાથે ભારતીય કર્મ અને ધર્મના સિદ્ધાંતો સાંકળીને રજૂ કરવામાં આવ્યા છે. નવેમ્બરમાં કલાસિકલ આર્ટ સાથે ભારતીય નાટ્યશાસ્ત્રને રજુ કરવામાં આવ્યું છે. ડિસેમ્બરમાં જગદીશચંદ્ર બોઝ, શ્રીનિવાસ રામાનુજ, આચાર્ય ઈરાવતી ક્વે, જાનકી અમ્મલ, અસ્તમા ચેટર્જી, નાથ બોઝ અને પ્રફુલ્લચંદ્ર રોય આધુનિક વિજ્ઞાનના સાત ઋષિઓને સ્થાન આપવામાં આવ્યું છે.

આઈઆઈટી, ખડગપુરની વાત નીકળી છે ત્યારે ત્યાંથી પાસઆઉટ થયેલી એક હોનહાર વિદ્યાર્થીની પૂજાની એક આડ વાત યાદ આવે છે. પૂજા બિહારના નાલંદા જિલ્લાના કંચનપુર ગામમાં રહે છે. એણે આઈઆઈટી ખડગપુરમાંથી કેમિકલ એન્જિનિયરીંગની ડિગ્રી મેળવીને અમેરિકાની એક પ્રતિષ્ઠિત ફર્મમાં ઈર્ટનશીપ કર્યા પછી જીએઆઈએલમાં ઊંચા પદ ઉપર લાખોની સેલેરી સાથે લગભગ છ વર્ષ કામ કર્યું. પૂજાએ પોતાના ગામ માટે કંઈક કરવાનું વિચાર્યું. એની લાખો રૂપિયાના પગારની નોકરીને લાત મારીને એ પહોંચી ગઈ કંચનપુર ગામમાં. પોતાના ગામડામાં આવીને એણે ખેતી કરવાની વિવિધ પદ્ધતિઓનો અભ્યાસ કર્યો. આસામના દિબ્રુગઢમાં જઈને પણ એણે જૈવિક ખેતીની જાણકારી મેળવી ઓર્ગેનિક ફાર્મિંગી તાલીમ લીધા પછી વર્ષ ૨૦૧૯માં પૂજાએ 'બેક ટુ વિલેજ' નામે સ્ટાર્ટ-અપ લોન્ચ કર્યુ. સ્વાભાવિક રીતે જ રાસાયણિક ફાર્મિંગની જગ્યાએ જૈવિક ખેતી માટે ખેડૂતોને વાળવાની કપરી બાબતને પૂજાએ બખૂબી અતિક્રમી. પૂજાએ સ્થાનિક ખેડૂતો સાથે મળીને જૈવિક ખેતી ઉપર અદભુત કામ આરંભ્યું. શરૂઆતમાં ખેડૂતો એના આ પ્રયોગોથી આઘા રહેતા. પછી ધીમે ધીમે લગભગ ૫૦૦૦ જેટલાં ખેડૂતો પૂજાના સ્ટાર્ટ અપ સાથે જોડાયા. પૂજાની આ વાત ખડગપુરના આઈઆઈટીયન્સના ખમીર અને વૈચારિક તાકાતને ઉજાગર કરે છે.

ખડગપુર ઉદ્યોગો, પાર્ક્સ અને ગાર્ડન, રેલ-વે વગેરે માટે લોકોના દિલો દિમાગ ઉપર છવાયેલું રહે છે. પરંતુ આ બધાની સાથોસાથ કેલેન્ડરોના ઈતિહાસમાં આઈઆઈટી ખડગપુરના માઈલ સ્ટોન જેવા આ કેલેન્ડરને પણ લોકો હંમેશા યાદ રાખશે. ભારતીય તત્ત્વજ્ઞાનને આધુનિક વૈજ્ઞાનિક તકનિકો સાથે સાંકળીને અદભુત રીતે પ્રસ્તુત કરવામાં આવ્યું છે. જ્યારે જ્યારે ભરતીય જ્ઞાન અને વિજ્ઞાનની વાત નીકળે ત્યારે આપણા પૌરાણિક શાસ્ત્રો, વેદ, ઉપનિષદમાં વર્ણવાયેલા તત્વજ્ઞાનને સમસ્ત વિશ્વ નતમસ્તકે સ્વીકારે છે.

ધબકાર :

**'ભારત ભૂમિ માનવ જાતિનું એક પારણું છે. જે માનવીય ભાષાનું જન્મ સ્થળ, જગતના ભવ્ય ઇતિહાસની માતા, દંતકથાઓની દાદી અને મહાન પરંપરાઓ પરદાદી છે. માણસના ઇતિહાસમાં આપણી સૌથી કિંમતી અને રચનાત્મક બાબતોનો સંગ્રહ ફક્ત ભારતમાં જોવા મળે છે.**

- માર્ક ટ્વેન